સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

એન્કૌંટરી ડાઘ ધોઈ નાખે એવા ધોબી ખપે છે
કરે ન યૂં કે યાં એવા જ યૂકાદાધીશ ખપે છે,
તપે સત્યના તાપમાં, એને મળે મોતની છાયા -
જપે સરકારી માળા એવા આશારામો ખપે છે

હાઈકુ

કરે ડણક
કોલેજીયમ પાંજરે -
બિલાડી બની...

બાંધી ઘો પાટા
લખાવી લ્યો ચૂકાયા
છે અંધ દેવી

ચિંતન

પ્રદાનવદેબ તદુક્તમ્ ।

ઉપરોક્ત સૂત્ર સંસ્કૃતસુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

બ્રહ્મલોકના ભોગોપભોગ સાધકની સાધનાના પરમધ્યેયરુપ નથી. પરમાત્માના સાક્ષાત્કાર માટે તેમની અંદરથી મનને પાછું વાળવું અથવા ઉપરામ કરવું જોઈએ. તો પણ ઉપનિષદમાં એમનું વર્તન કરેલું છે. તેનું કારણ વરદાનની જેમ જ સમજી લેવાનું છે. ભક્ત ને ભગવાન દ્વારા કોઈક વરદાન આપવામાં આવે છે તે વરદાન તેના જીવનનું ધ્યેય નથી હોતું તો પણ એની આકાંક્ષાને અનુસરીને એના આત્મસંતોષ ને માટે એને ઉત્સાહિત કરવાના આશયથી આપવામાં આવે છે, તેમ બ્રહ્મલોકની અને એના ભોગોપભોગની ઈચ્છાવાળા સાધકોને એમની પ્રાપ્તિ થાય છે. છેવટે તો એમની અજ્ઞાનતાને સમજીને એમનું મન એમાંથી ઉપરામ થાય છે અને એક માત્ર પરમાત્મામાં જલાગી જાય છે.

ભૌતિક સુખો ને માટે કરાતાં જપ-તપ-ભક્તિ દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરનારા પ્રથમ તો ભૌતિક સુખની અપેક્ષાથી જ ભક્તિ વગેરે કરે છે પણ આ દરમિયાન જ તેમને 'સુખ'ની સાચી વ્યાખ્યા સમજાઈ જાય છે.

સુવિચાર

- જે રસ્તો સૌથી વધુ ઘસાયેલો હશે એ સૌથી વધુ સલામત હશે - **પોલેન્ડની કહેવત**
- ધનવાન કંજૂસ ગરીબ કરતાં વધુ ગરીબ છે - **ઓશો**
- નિષ્ક્રીય ઊંડા જ્ઞાન કરતાં સક્રિય સાદી સમજ મહાન છે - **અંગ્રેજી કહેવત**
- ઉમ્ર નિકલ જાને પર અબ આભાસ હુઆ, હમ દુનિયા મૈં થે પર દુનિયાદાર ન થે - **રશીદ મીર**
- કોઈ મા દીકરાને એમ નથી કહેતી કે તું મને સુખી કરજે... મા તો હંમેશા એટલું જ કહે છે : 'બેટા, તુ સુખી થજે...' - **મુંબઈ સમાચાર**
- સાધ્ય ગમે તેટલું શુદ્ધ હોય તો પણ સાધન અશુદ્ધ હશે તો સાધ્ય પણ જતે દિવસે અશુદ્ધ જ થવાનું - **નાનાભાઈ ભટ્ટ**
- આજનું ઔષધ : મેથી અને રાઈ વાટીને પાણી મેળવી પેસ્ટ બનાવી વાળમાં લગાવી ત્રણ કલાક પછી માથું ધોવાથી ખોડો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જ્ઞાનની શોધમાં ત્રણ સાધુ હિમાલય પહોંચ્યા. ત્રણેયને કકડીને ભૂખ લાગી. પણ તેમની પાસે બે જ રોટલી બચી હતી. ત્રણે સાધુઓએ સમજૂતી કરી કે પરમાત્મા જેના સપનામાં આવીને રોટલી ખાવાનો સંકેત આપશે તે જ આ બે રોટલી ખાશે.

અડધી રાતે ઊઠી એકબીજાને પોતાને પરમાત્માએ કંઈક કહ્યું. એની ચર્ચામાં લાગ્યા. પહેલા સાધુએ કહ્યું, 'હું સપનામાં એક શાંત સરોવર કિનારે બેસીને પરમાત્માનું ધ્યાન કરતો હતો ત્યાં મને ઈશ્વરે દર્શન આપ્યા અને કહ્યું કે તેં જીવનમાં સદાય ત્યાગ જ કર્યો છે તેથી આ રોટલીઓ પર તારો જ હક છે.' બીજા સાધુએ કહ્યું, 'મેં સપનામાં જોયું કે ભૂતકાળમાં મારી તપશ્ચર્યાને લીધે હું મહાત્મા બની ગયો છું અને એ તપશ્ચર્યાથી મારા પુણ્યનું બળ ખૂબ મોટું છે અને મને પણ ઈશ્વરે મારા ભેગા થયેલા પુણ્ય સામે આ બે રોટલી ખાવાની છૂટ આપી છે.'

ત્રીજાનો વારો આવ્યો. તેણે કહ્યું, 'ના તો મેં કોઈ સપનું જોયું છે ન તો મને કોઈ પરમાત્માએ સૂચના આપી છે. પણ મને તો ખૂબ ભૂખ લાગી હતી અને એ બે રોટલી હું ખાઈ ગયો છું.'

આ સાંભળી પેલા બે સાધુ ગુસ્સે થઈ ને કહ્યું, 'આ નિર્ણય લેતા પહેલાં તેં અમને જગાડ્યા કેમ નહીં ?' ત્રીજા સાધુએ કહ્યું તમે બંને તો ઈશ્વરીય અનુભૂતિમાં હતા અને મને તો ઈશ્વરે ઉંઘમાંથી જગાડ્યો અને ભૂખે મરતો બચાવી લીધો : ત્રીજા સાધુએ વાત આગળ વધારતા કહ્યું, 'જીવન મરણનો પ્રશ્ન હોય તો મિત્રતા નિભાવવી. બહુ મુશ્કેલ થઈ જાય છે. વ્યક્તિ એ જ કામ કરે છે જેનાથી જીવ બચે.'

પન્નાલાલ : આપણી માટીનો કળાયેલ મોર

તંત્રીસ્થાનેથી...

ગુજરાતી પ્રજા વિશ્વની સાહસિક પ્રજાઓમાં શિરમોર ગણાતી રહી છે. વેપારવણજ અને ધંધારોજગાર માટે એ દુનિયા આખી ઘમરોળતી રહી છે. પરંતુ ગુજરાતીઓના નામે એક મહેણું પણ જાણીતું છે, તે એ કે ગુજરાતીઓ ફક્ત બે જ બુક્સ વાંચવા ટેવાયેલા છે - ચેકબુક અને પાસબુક ! ભાષા સાહિત્ય મુદ્દે પ્રજાકીય પ્રતિસાદ ઘણો નિરાશાજનક રહ્યો છે. આપણી પાસે વિશ્વના શ્રેષ્ઠ સર્જકોની પંગતમાં બેસી શકે એ બરના ઊંજા ગજાના કવિઓ અને લેખકો છે. દુનિયાની મહાનવલો વચ્ચે પાટલો માંડી શકે એવો 'સરસ્વતીચંદ્ર' છે. નરસિંહ મહેતાની બરોબરી કરી શકે એવો આધ્યાત્મિક કવિ દીવો લઈને શોધવા નીકળીએ તો પણ જડવો મુશ્કેલ. એવું જ એક મોટું નામ છે પન્નાલાલ પટેલ. પન્નાલાલ ભારતીય સાહિત્યના શિરોમણિ સર્જક તરીકે પોંખાયા છે પરંતુ ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓ અંગ્રેજીમાં નહીં ઊતરતી હોઈ એ વિશ્વસાહિત્યના સર્વોચ્ચ અવોર્ડથી વંચિત રહ્યા. જો કે માત્ર આઠ ધોરણ ભણી નાની મોટી નોકરીએ વળગેલા સાબરકાંઠાના છેવાડે આવેલા માંડલી ગામના આ વાર્તાકાર - નવલથાકાર માટે તો જ્ઞાનપીઠ એવોર્ડ પણ હાજરાહજૂર દૈવી વરદાન સમાન હતો. પન્નાલાલની આજે જન્મતારીખ છે. ગુજરાતે પણ એમને પોંખ્યા તો છે પણ ઓળખ્યા નથી. એ ફક્ત યુનિવર્સિટીના પાઠ્ય પુસ્તક તરીકે ભણાવાતી 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ' જેવી કલાત્મક જાનપદી નવલકથાઓના સર્જક તરીકે સાહિત્ય જગત પૂરતા જ જાણીતા રહ્યા છે. મણિલાલ હ. પટેલ જેવા વિદગ્ધ વિવેચકે એમનું વિશિષ્ટ જીવનચરિત્ર આલેખ્યું છે : 'તરસ્યા મલકનો મેઘ.' એમ તો ઉપેન્દ્ર ત્રિવેદીએ એમની જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા 'માનવીની ભવાઈ' પરથી એ જ શીર્ષકની ફિલ્મ પણ બનાવી હતી. ગુજરાત સહિત દેશના ઘણા વિસ્તારોમાં છપ્પનિયા દુકાળ તરીકે ઓળખાતા ભીષણ દુષ્કાળનું હૃદયદ્રાવક વર્ણન અને એવી વિકટ પરિસ્થિતિમાં પણ પોતાનું ઝમીર અને ખમીર સાચવી જીવતા ઈશાનિયા ખૂણાના એ સ્વાભિમાની 'પરથમીના પોથી' - ધરતીના છોરુંની કરુણમંગલ કથા ગુજરાતી ભાષાસાહિત્યનું ગરવું ગુરુ શિખર છે. ગોવર્ધન રામના સરસ્વતીચંદ્રમાં આપણને ભદ્રલોકના વિચારશીલ મહાનાયકનાં દર્શન થયાં હતા. કનૈયાલાલ મુનશીએ 'ગુજરાતનો નાથ' અને 'પાટણની પ્રભુતા' જેવી ઐતિહાસિક કૃતિઓ આપી ગુજરાતની અસ્મિતાનો ઉદઘોષ કર્યો. પન્નાલાલને કાળુ સાચા અર્થમાં 'ડાઉન ટુ અર્થ' - જમીન સાથે નાભિનાળ સંબંધ ધરાવતો કોમનમેન છે. એવા લોકનાયકની ગુજરાતી સાહિત્યમાં ખોટ વરતાતી હતી જે 'માનવીની ભવાઈ' આપીને પન્નાલાલે પૂરી કરી હતી. દર્શન જેવા વિચક્ષણ સર્જક અને 'કાળકથા' કહે છે. 'મળેલા જીવ' દ્વારા મેઘાણીએ આ અદ્ભૂત દંતકથારૂપ સર્જકનો ગુજરાતી પ્રજા સમક્ષ વિદ્વાન ગુજરાત સાહિત્ય અકાદમીના મંચ પરથી એમને લાડ લડાવશે. આપણી માટીના મોંઘેરા કળાયેલ મોરલાની સ્મૃતિને કોટિ કોટિ વંદન.

બીન ખેતીની પરવાનગીમાં થતા વિલંબના કારણે જમીન ખાલસા થઈ શકે નહિ

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

કેટલીક વાર બીન ખેતીની પરવાનગી અરજ મુળ ખેડૂત દ્વારા સમયસર કરવામાં ના આવે ત્યારે તે આવી અરજી દાખલ કરવામાં થતો વિલંબએ ગંભીર ક્ષતિ નથી કે જેના પરિણામે જમીન ખાલસા કે શ્રી સરકાર કરવી પડે. જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ મુજબ બીન ખેતીની પરવાનગી મેળવવી ફરજીયાત છે જેમાં જમીન ખરીદવા માટે કલમ ૬૩ ની જોગવાઈની અરજી મંજુર કરવામાં આવે તે દિવસથી ૯૦ દિવસમાં ખેતીની પરવાનગી મેળવવાની રહે છે પરંતુ કેટલાક સંજોગોમાં સમય મર્યાદામાં કલમ ૬૩ ની પરવાનગી મેળવનારે બીન ખેતીની પરવાનગી મેળવવા અરજ ગુજારેલ હોતી નથી તે બદલ થયેલ વિલંબ માટે જમીન ખાલસા કરવી યોગ્ય નથી તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે લેટર્સ પેન્ડન્ટ અપીલ નં. ૬૯૯/૧૧ તથા સ્પે.સી.અ. નં. ૧૭/૧૧ ના કામે ઠરાવ્યું છે.

અરજદાર બીન ખેડૂત હોવાથી ખેતીની જમીન બીન ખેતી વિષયક હેતુ માટે પરવાનગી માંગતી અરજી નાયબ કલેકટરશ્રી સમક્ષ કરવામાં આવેલ આ જમીન ઉપર અરજદાર હોટલ બનાવવા માંગતા હતા આથી નાયબ કલેટકરે અરજદારની અરજ ચોકકસ શરતોને આધીન મંજુર કરી ખેતીની જમીન બીન ખેતીની પરવાનગી છ માસમાં મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ ૬૫ ની પરવાનગી મેળવવાની શરતે તથા બીન ખેતી કરવાની શરતે જમીન ખરદીવા માટે બીન ખેડૂતને પરવાનગી આપેલ આથી અરજદારે નાયબ કલેકટરના હુકમના આધારે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી જમીન ખરીદ કરેલ અને તે લગત નોંધ રેવન્યુ રેકર્ડમાં પ્રમાણિત થયેલ પરંતુ અરજદાર છ માસમાં બીન ખેતીની પરવાનગી મેળવી શકેલ નહિ. આથી નાયબ કલેકટરશ્રીએ કરેલ હુકમને ફેરતપાસમાં લઈ અરજદારે ખરીદેલ જમીન ખાલસા કરવાનો હુકમ શરતભંગના કારણે કરેલ તથા અરજદારે વટહુકમની કલમ ૭૫ મુજબ જમીન સરકારમાં ખાલસા કેમ ના કરવી તે મતલબની નોટીસ પણ પાઠવવામાં આવેલ.

નાયબ કલેકટરે જણાવેલ કે સદરહુ અરજદાર છ માસમાં બીન ખેતીની પરવાનગી મેળવવામાં નિષ્ફળ ગયેલ છે તેમજ સદરહુ જમીન શહેરી વિકાસ સત્તા મંડળની જોગવાઈઓ આધિન હોટલ બાંધવાના ઝોનમાં આવતી નથી પરંતુ રહેણાંક ઝોનમાં આવતી હોય સદરહુ જમીનને બીન ખેતીના હોટલના હેતુ માટે પરવાનગી પાત્ર ના હોવાના કારણે ઝોન ફેરના કારણે નાયબ કલેકટરનો જીમન ખરીદવાનો હુકમ રીવીઝનમાં લઈ પરવાનગી આપેલ તે રદબાતલ ઠરાવી વટહુકમની કલમ ૭૫ મુજબ અરજદારને જમીન ખાલી કરવા માટે નોટીસ પણ ફરમાવતા અરજદારે અગ્ર સચિવ જમીન મહેસુલ વિભાગ સમક્ષ અપીલ ગુજારેલ પરંતુ અગ્ર સચિવે પણ નીચલી કોર્ટના નાયબ કલેકટરના હુકમને માન્ય રાખતો હુકમ આપતા અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સીવીલ જજ સમક્ષ સીવીલ એપ્લીકેશન નં. ૧૭/૧૧ થી રીટ દાખલ કરી સદરહુ નીચલી કોર્ટના બન્ને હુકમને પડકારી રદ બાતલ ઠરાવવા અરજ ગુજારેલ પરંતુ નામદાર હાઈકોર્ટની સીંગલ બેન્ચે પણ નીચલી કોર્ટના હુકમને યથાયોગ્ય ઠરાવી અરજદારની પીટીશન ના મંજુર કરતો હુકમ ફરમાવતા અરજદારે હુકમથી નારાજ થઈ નામદાર હાઈકોર્ટમાં લેટર્સ પેન્ડન્ટ અપીલ દાખલ કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટે માત્ર છ મહિનામાં જમીન અંગે બીન ખેતીની પરવાનગી મેળવવા થનાર વિલંબના કારણે તથા ઝોનફેરના કારણોસર સદરહુ જમીન ખાલસા થઈ શકે નહિ આવા કારણો ગંભીર સ્વરૂપના ગણાય નહિ પરવાનગી મેળવવા અરજદારના કાનુન બહારના કારણોને ધ્યાનમાં લેવા પાત્ર હોય જમીન જપ્ત કરવાના પરિણામ સુધી પહોંચી શકાય નહિ જમીનમાં હોટલ બાંધકામ માટે અરજદાર તરફે પ્લાન પાસ કરવા માટે સક્ષમ મંડળમાં અરજ ગુજારેલ હતી પરંતુ ઝોન ફેરના કારણે પ્લાન પાસ સક્ષમ ઓથોરીટી દ્વારા ના કરવાના કારણે થયેલ વિલંબના કારણે જમીન જપ્ત કરવી જોઈએ નહિ જો જમીનો હુકમ રદ બાતલ ઠરાવવામાં નહિ આવે તો નાયર કલેટરના હુકમની શરતો પૈકીની એક શરતના ટેકનિકલી ભંગ બદલ અરજદાર સર્વસ્વ ગુમાવી બેસશે તેથી બીન ખેતી મેળવવાના છ માસબાદ પ્રશ્નવાળી જમીનના પટ્ટાની ૩૦ ગણી રકમ સરકારમાં ચુકવણીની સૂચના પણ પરવાનગી સમયે આપેલી નથી આથી નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદારની અરજી અશંતઃ મંજુર રાખી સીંગલ જજના હુકમ તથા નાયબ કલેરટરના હુકમ તથા ખાસ સચિવશ્રીના હુકમ ફેરતપાસ અરજ કરી નાયબ કલેટરના હુકમને સુધારા સાથે માન્ય ગણેલ કે પટ્ટના ૩૦ ગણી રકમ સરકારમાં જમા કરાવવાની શરતે અરજદારને બીન

અનુસંધાન પાના નં ૭ પર

શ્વેત આરસપહાણમાં કંડારાયેલ શિલ્પકૃતિ જેવું અણમોલ કથાગીત

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

સૂના સમદરની પાળે,
રે આઘા સમદરની પાળે,
ઘેરાતી રાતના છેલ્લા શ્વાસ ઘૂંટે છે એક બાળુડો રે
સૂના સમદરની પાળે.

- ઝવેરચંદ મેઘાણી

રાષ્ટ્રી શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'બિન્જન ઓન ધ રહાઈન' નામના અંગ્રેજી બેલેડ એટલે કે કથાગીત પરથી પ્રેરણા લઈને ઉપરોક્ત ગીત લખ્યું પણ શ્વેત આરસપહાણમાં કંડારાયેલ શિલ્પકૃતિ જેવું આ અણમોલ કથાગીત છે. આ કથાગીતની વિશેષતા એનું વાતાવરણ, ભાષા, તળપદા શબ્દો અને ભાવોની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ છે. આપણા શાહબુદ્દીન રાઠોડે એક પુસ્તક 'લાખ રૂપિયાની વાત' માં આ આખાયે ગીતનું એવું વર્ણન કર્યું છે કે આખુંયે દશ્ય જાણે આપણી આંખો સમક્ષ પ્રત્યક્ષ બન્યું હોય તેમ ભાસે છે ! લખનારની આ વર્ણન કરવાની અદ્ભૂત કળાને આપણે એમના જ શબ્દોમાં માણીએ :

રેવાને તીરે વસેલા રળિયામણા રાજેસર ગામેનો એ રહેવાસી હતો. નાનકડું ગામ, ગામનો ચોરો, ચોરા પાસે ઘેઘૂર લીમડાનું ઝાડ, ગામનાં ખોરડાં, ઠાકર મંદિર, શેરિયું, નદીનો કિનારો - બધું હૈયામાં વસી જાય તેવું હતું.

આ જુવાનને વૃદ્ધ માતા હતી. મોટો ભાઈ હતો. વહાલસોયી બહેન હતી અને જેને હૈયું આપી ચૂક્યો હતો તેવી કાળી તોફાની આંખોવાળી પ્રિયતમા પણ હતી.

નાનો હતો ત્યારથી પરાક્રમી પિતાનાં ધિંગાણાની વાતો એ સાંભળતો. ખાનદાનની વીરતાના પ્રતીક જેવી ખીંટીઓ ટીંગાતી તલવારને એ ટગરટગર જોઈ રહેતો. પછી એ યુવાન બન્યો. ભુજાળોમાં બળ આવ્યું. પિતાના વારસાની વહેંચણીનો અવસર આવીને ઊભો ત્યારે આ જુવાને ન મોલાત માંગી, ન સંપત્તિ. એણે માંગી માત્ર તલવાર.

એમાં એક દી ગામને પાદર ધ્રુંબાંગ ધ્રુબાંગ ઢોલ મંડ્યો ધબકવા અને નગારે દાંડિયુ પડી. શત્રુનાં સૈન્ય આવી રહ્યાનો સંદેશો મળ્યો અને ઘેરઘેરથી જુવાનો હથિયાર બાંધીને નીકળી પડ્યા. એમાં આ જુવાન પણ હતો.

જુવાન સમારંગણમાં સિધાવ્યો. ભારે ધિંગાણું થયું. એ વીરતાથીલડ્યો, આખરે ધરતી પર ઢળી પડ્યો. સૂના સમદરની પાળે, સમરાંગણના મૃતદેહો વચ્ચે, પોતાના ભેરુબંધને જુવાન અંતિમ સંદેશો પાઠવે છે. એના જખમોમાંથી લોહી વહી રહ્યું છે, શ્વાસ રૂંધાવા લાગ્યો છે. અંતિમ ઘડીએ એને યાદ આવે છે રેવાનો કિનારો, રાજેસર ગામ અને લીલુડો લીમડો. એ લીમડા હેઠે ગામના લોકો ભેગા થશે અને રણઘેલુડાના સમાચાર પૂછશે ત્યારે ભેરુ, તું પ્રથમ મારી માડીને કહેજે :

માંડીને વાતડી કે'જે,
રે માંડીને વાતડી કે'જે,
ખેલાણા કોડથી કેવા કારમા રૂડા ખેલ ખાંડાના રે
સૂના સમદરની પાળે.

જુવાન જાણે છે, જુવાનજોધ દીકરાના મોતના સમાચાર સાંભળી માડીનું હૈયું ભાંગી પડશે. એટલે તો એ સીધા સમાચાર આપવાને બદલે ખાંડાના ખેલની, વેરીની વાટ રોકીને લડનારની વીરતાને ઘોડલે ઘૂમતો ભાણ પણ જે જોતો રહ્યો એવા જુદ્ધની વાત કરે છે. આરતી ટાણા સુધી ચાલેલા યુદ્ધમાં લાખેણા વીરોની સો સો લોથો સૂતી ત્યારે હવે જુવાન પોતાની વાત ધીરેથી કહે છે :

માડી ! હું તો રાનપંખીડું
રે માડી ! હું વેરાન - પંખીડું :
પ્રીતિને પીંજરે મારો જંપિયો નો'તો જીવ તોફાની રે
સૂના સમદરની પાળે.

માડીને એ આશ્વાસન આપે છે : ભાઈ મોટેરો તને પાળશે. ત્યાં તો વહાલસોયી બહેનની યાદ આવે છે. પોતાના વીરવિહોણી વારને એ બેની જયારે ભાળશે ત્યારે માથડાં ઢાંકી ધ્રૂસકે ધ્રૂસકે રોશે. બહેનની કલ્પના કરતાં જુવાનનું હૈયું ભરાઈ આવે છે. એ બહેનને હિંમત આપે છે :

જો જે, બેની ! હામ નો ભાંગે,
રે જોજે, બેની ! વેદના જાગે.
તું યે રણબંકડા કેરી બેન : ફુલાતી રાખજે છાતી રે !
સૂના સમદરની પાળે !

મોતનો ઓછાયો જીવતર માથે જયારે ઊતરી રહ્યો છે ત્યારે જુવાનને બહેનનો જીવનસાથી, તેનાં લગ્ન,તેના સુખી સંસારની ચિંતા થાય છે. ભાઈ કહે છે :

બેની ! કોઈ સોબતી મારો,
રે બેની ! કોઈ સોબતી મારો
માંગે જો હાથ, વીરાની ભાઈબંધીને દોયલે દાવે રે
સૂના સમદરની પાળે.

મારો કોઈ સોબતી તારો હાથ માગે અને જો તારું મન કોળે તો ઝંખવાઈશ મા. ભાઈના નામે તારા હૈયાને જોડજે.

છેલ્લો સંદેશો યુવાનને આપવો છે તેની પ્રિયતમાને. રેવાને તીરે ચાંદની રાતમાં એની કૂણી કૂણી આંગળિયુમાં આંકડા ભીડી, જીવતર હારે જીવવાના કૉલ એકબીજાને આપ્યા હતા, સુધી સંસારનાં સોણલાં જોયાં હતા. એવી પ્રિયતમાને સંદેશો આપવો છે. પણ એની કાંઈ ઓળખ ? કાંઈ એંધાણ ?

બંધુ મારા ! એક છે બીજી,
રે બંધુ મારા ! એક છે બીજી :
તોફાની આંખ બે કાળી : ઓળખી લેજે એ જ એંધાણે રે
સૂના સમદર પાળે.

તોફાની બે કાળી આંખની એંધાણીએ પ્રિયતમાને ઓળકી લેવાનું જુવાન કહે છે. પણ બીજી કોઈ ઓળખ ખરી ? હાં ભેરું, એનું દિન મસ્તાનું છે :

બંધુ ! એનું દિન મસ્તાનું,
રે બેલી ! એનું દિન મસ્તાનું;
મસ્તાના ફૂલ-હૈયાને હાય રે માંડ્યું આજ ચિરાવું રે
સૂના સમદરની પાળે.

જીવતરની અંતિમ ક્ષણોમાં તેને મિલનની અંતિમ પળો યાદ આવે છે. રેવાને કિનારે આથમતો દિવસ, મિલનની છેલ્લી આઠમની રાત... જુવાન બધું યાદ કરે છે :

રેવા ઘેરાં ગીત ગાતી'તી,
રે રેવા ઘેરાં ગીત ગાતી'તી.
ગાતાં'તાં આપણે ભેળાં ગાન મીઠેરાં ગુર્જરી માનાં રે
સૂના સમદરની પાળે

હવે જુવાનનો સંદેશ અટકે છે, એની જીભ ટૂંપાવા લાગે છે. આંખડીના દીવા ઓલવાતા જાય છે. એ બોલતો થંભી જાય છે.

સાથી એની આગળ ઝૂકે,
રે સાથી એનું શિર લ્યે ઊંચે;
બુઝાણો પ્રાણ-તિખારો, વીર કોડાળો જાય વિસામે રે
સૂના સમદરની પાળે.

Last Seen :

ના'તી એની પાસ કો' માડી,
રે નો'તી એની પાસ કો' બેની
વ્હાલાના ઘાવ ધોનારી, રાત રોનારી કોઈ ત્યાં નો'તી રે
સૂના સમદરની પાળે
વેગે એનાં લોહી વ્હેતાં'તાં
રે વેગે એનાં લોહી વ્હેતાં'તા,
બિડાતા હોઠના છેલ્લા બોલ ઝીલન્તો એક ત્યાં ઊભો રે
સાથી સમદરની પાળે...

- ઝવેરચંદ મેઘાણી

- nehalgadhavi101@gmail.com

ભારતીય ન્યાયતંત્ર અને સરકાર વચ્ચે કમનસીબ ટકરાવ

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

- દેશના ટોચના ન્યાયાધીશોની નિમણૂકની ભલામણ કરનાર કૉલેજિયમ હજુ સરકારને વશ થવા તૈયાર નથી
- મુખ્ય ન્યાયાધીશ મિશ્રા વિરુદ્ધ મહાભિયોગની અઢી દાયકા પછીની દરખાસ્તે વિવાદનો નવો મધપૂડો છંછેડ્યો
- વર્ષ ૧૯૯૧માં જસ્ટિસ રામાસ્વામી સામે મહાભિયોગ દરખાસ્તનો વિરોધ કરનાર સિબ્બલ આ વખતે પ્રણેતા
- સર્વોચ્ચ અદાલતમાં એક પણ દલિત-આદિવાસી ન્યાયાધીશ નહીં હોવાનું મોદી સરકારના મંત્રીઓ કહે છે

ભારતીય પ્રજાની અંતિમ આશા લેખાતી સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કૉર્ટ) છેલ્લા કેટલાક વખતથી વિશ્વસનીયતાની કટોકટીના ત્રિભેટે આવીને ઊભી છે.ન્યાયતંત્રને રાજકીય વિવાદમાં ખેંચવાના પ્રયાસો થઇ રહ્યા છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીના શાસનવેળા કહ્યાગરા ન્યાયતંત્ર (કમિટેડ જ્યુડિશિયરી) જેવો શબ્દપ્રયોગ પ્રચલિત બન્યો હતો. નરેન્દ્ર મોદીના શાસનમાં હવે એવા જ આક્ષેપ ન્યાયતંત્રના મુખિયા વિશે થવા માંડ્યા છે. સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક અંગે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશના વડપણવાળા કૉલેજિયમની ભલામણોને વર્તમાન સરકાર અનુકૂળતા મુજબ સ્વીકારે કે ફગાવે છે,એ વાત પણ વિવાદનો વિષય બની છે. ઉત્તરાખંડની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ કે.ઍમ.જૉસેફને સર્વોચ્ચ અદાલતમાં નિયુક્ત કરવા માટે કૉલેજિયમે સરકારને ભલામણ કરી,પણ એમની ફાઈલ પરત કરવામાં આવી.સામાન્ય રીતે વર્તમાન કેન્દ્ર સરકારને અનુકૂળ ગણાતા સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ આર.એમ.લોઢા સહિતના કેટલાક નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિઓએ પણ જૉસેફની નિમણૂક નહીં કરાયાને ''ન્યાયતંત્રમાં સરકારી દખલ'' ગણાવી છે.અગાઉ જસ્ટિસ જૉસેફે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના મોદી સરકારના નિર્ણયને રદબાતલ ઠરાવ્યો હતો. જોકે જસ્ટિસ જૉસેફની નિમણૂક અંગે પુનર્વિચાર કરવાના સરકારના નિર્ણયને એ વાત સાથે સંબંધ નહીં હોવાની ચોખવટ કેન્દ્ર તરફથી કરાઈ છે. કૉલેજિયમ થકી એ વિશે પુનર્વિચાર કરવા ફરીને ૨ મે ૨૦૧૮ના રોજ બેઠક યોજી એ સંદર્ભમાં સરકારને અપેક્ષિત નિર્ણય લેવાનું ટાળ્યું છે.ઉપરાંત સરકારે કલકત્તા, રાજસ્થાન,તેલંગણ અને આંધ્ર પ્રદેશની વડી અદાલતોના ન્યાયાધીશોના નામ વિચારવા માટે કરેલા આગ્રહને પણ કૉલેજિયમ થકી ટાળી દેવામાં આવ્યો હોવાનું સર્વોચ્ચ અદાલતે ૨ મેના રોજ બહાર પાડેલા નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે. હજુ ગજગ્રાહ ચાલુ જ રહેશે.

ગઈ ૨૦મી એપ્રિલે રાજ્યસભાના કુલ ૨૪૫માંથી ન્યૂનતમ જરૂરી ૫૦ને બદલે ૭૧ સભ્યોની સહીથી ભારતના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાને હોદ્દેથી દૂર કરવા માટે મહાભિયોગ માટેનું આરોપનામું રાજ્યસભાના સભાપતિ એમ. વેંકૈયા નાયડુને સુપરત કરાયું. ત્રણ જ દિવસમાં કાનૂન અને બંધારણ વિષયક નિષ્ણાતોનો મત જાણીને દેશના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુએ મહાભિયોગ માટેની દરખાસ્તને ફગાવી દીધી. એમના આ પગલાથી સમગ્ર ભારતમાં માત્ર રાજકીય જ નહિ, ન્યાયતંત્રને લગતા વિવાદનો નવો મધપૂડો છંછેડાયો છે. સંયોગ એવો છે કે લગભગ અઢી દાયકા પછી ભારતની સર્વોચ્ચ અદાલતના કોઈ ન્યાયમૂર્તિને હોદ્દેથી દૂર કરવા માટે મહાભિયોગ (ઈમ્પિચમેન્ટ)ની દરખાસ્ત સંસદ સમક્ષ રજૂ થઈ. એને સભાપતિએ ફગાવી દેતાં મામલો સર્વોચ્ચ અદાલતમાં લઈ જવાની કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ ઘોષણા કરી છે.

અગાઉ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ રાષ્ટ્રીય મોરચા (નેશનલ ફ્રન્ટ), ડાબેરી મોરચા અને ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના ૧૦૮ સભ્યોએ લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) રવિ રે સમક્ષ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ વી. રામાસ્વામીને હોદ્દેથી દૂર કરવા માટે મહાભિયોગની દરખાસ્ત કરી હતી. એ પછી એપ્રિલ, ૨૦૧૮માં મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા વિરુદ્ધ મહાભિયોગની દરખાસ્ત રાજ્યસભાના ૬૪+૭ સભ્યોએ રજૂ કરી છે. સંયોગ એવો છે કે જસ્ટિસ રામાસ્વામી વિરુદ્ધની મહાભિયોગની દરખાસ્ત વિરુદ્ધ એ વેળા લોકસભામાં એક ધારાશાસ્ત્રી તરીકે છ કલાક સુધી રજૂઆત કરનાર કૉંગ્રેસ સાથે સંકળાયેલા સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ધારાશાસ્ત્રી, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને વર્તમાન સાંસદ કપિલ સિબ્બલ આ વખતે જસ્ટિસ દીપક મિશ્રાને હોદ્દેથી દૂર કરવા માટેની મહાભિયોગની દરખાસ્તના પ્રણેતા છે. એટલું જ નહિ, એમણે જસ્ટિસ મિશ્રાની અદાલતમાં કોઈ કેસમાં હાજર નહિ થવાનું ઍલાન પણ કર્યું છે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ મિશ્રાના કાકા અને અગાઉ ભારતના મુખ્ય ન્યાયાધીશ રહેલા રંગનાથ મિશ્રા સદગત વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી સાથે નિકટના સંબંધ ધરાવતા હતા, એટલું જ નહિ, તેમની નિવૃત્તિ પછી તેમને વર્ષ ૧૯૯૮થી ૨૦૦૪ દરમિયાન રાજ્યસભામાં મોકલવાનું પણ કૉંગ્રેસે પસંદ કર્યું હતું. દેશના માનવાધિકાર પંચના અધ્યક્ષપદ પર રહેલા જસ્ટિસ રંગનાથ મિશ્રાના વડપણ હેઠળ મુસ્લિમોની સ્થિતિના અભ્યાસ અને ભલામણ માટે નિયુક્ત કરાયેલા પંચે પોતાના અહેવાલમાં મુસ્લિમો માટે ૧૦ ટકા અનામતની ભલામણ પણ કરી હતી.

ભારતીય બંધારણની કલમ ૧૨૪(૪)માં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટે સંસદમાં તેમની સામે મહાભિયોગની દરખાસ્ત લાવવાની અને એ જો મંજૂર થાય તો સંબંધિત ન્યાયાધીશને હોદ્દેથી દૂર કરવાની જોગવાઈ છે. ન્યાયતંત્રની તટસ્થતા, સ્વતંત્રતા અને નિર્ભીકતા માટે બંધારણીય સુરક્ષાકવચની જોગવાઈ રાખવામાં આવી છે. કૉંગ્રેસના વડપણ હેઠળના વિપક્ષ પાસે રાજ્યસભામાં જ બહુમતી હોવાથી એણે વિપક્ષોના સાથમાં મુખ્ય ન્યાયાધીશ મિશ્રા વિરુદ્ધ તેમની કથિત ગેરરીતિઓ અને અયોગ્ય વ્યવહારને લઈને મહાભિયોગની દરખાસ્ત પર ૭૧ સંસદસભ્યોના હસ્તાક્ષર સાથે એ રાજ્યસભાના સભાપતિને સુપરત કરી હતી. કૉલેજિયમમાં મુખ્ય

અનુસંધાન પાના નં ૭ પર